Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX,
NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL | BALBIR | AM/NS INDIA | JSW | MONNET | JINDAL STEEL & POWER


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in


માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ પોષ સુદ ચૌદસ , શુક્રવાર ૨ જાન્યુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૬૦ પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦


# સ્વીત્ઝર્લેન્ડના એક રિસોર્ટમાં આગ: ૪૦નાં મોત



**ક્રેન્સ** મોન્ટાના રિસોર્ટમાં આવેલ એક બારમાં નવા વર્ષની ઉજવણી દરમ્યાન આગ ફાટી નિકળી

**૧૦૦** જેટલા લોકોને ઇજા, મોટા ભાગના ગંભીર હાલતમાં, મૃત્યુઆંક વધારે હોવાનો ભય, મૃતકોમાં અનેક વિદેશીઓ

**ત્રાસવાદી** ઘટના કે કોઇ હુમલો નહીં હોવાનું સરકારે જણાવ્યું

ક્રેન્સ-મોન્ટાના(સ્વીત્ઝર્લેન્ડ), તા. ૧: એક સ્વીસ આલ્પ્સ રિસોર્ટ ટાઉનના એક બારમાં નવા વર્ષની ઉજવણી દરમ્યાન આગ ફાટી નિકળતા ડઝનબંધ લોકો માર્યા ગયા હતા. ૪૦નાં મોતનો આંકડો બોલાય છે પરંતુ ખરેખરો આંક વધુ હોવાનો ભય છે. આગમાં ૧૦૦ જેટલા લોકોને ઈજા થઈ હતી, જેમાંના મોટા ભાગના લોકોની ઈજા ગંભીર છે.

ડઝનો લોકો આ શરાબના પીઠામાં માર્યા ગયા છે એ મુજબ વેલાઈસ કેન્ટોનના પોલીસ કમાન્ડર ફ્રેડરિક ગિસલેરે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. પીડિતોની ઓળખ કરવા અને તેમના પરિવારોને જાણ કરવા માટે કામ ચાલી રહ્યું છે, પરંતુ તેમાં સમય લાગશે અને હાલ પૂરતો, તમને વધુ ચોક્કસ આંકડો આપવો અકાળ છે, ગિસ્લરે કહ્યું, સમુદાય ત્યારે તબાહ થઈ ગયો છે. વેલાઈસ કેન્ટન એટર્ની જનરલ બીટ્રિસ પિલૌડે જણાવ્યું હતું કે આગનું કારણ નક્કી કરવું ખૂબ જ વહેલું છે. નિષ્ણાતો હજુ સુધી કાટમાળની અંદર જઈ શક્યા નથી. કોઈપણ પ્રકારના હુમલાનો પ્રશ્ન જ નથી પિલૌડે કહ્યું. આગને કારણે ધડાકો પણ થયો હોવાનું માનવામાં આવે છે. બારની આખી છત સળગી રહી હતી અને ૨૦૦ જણાએ માત્ર ૩૦ સેકન્ડમાં બહાર નિકળવાનો પ્રયાસ કર્યો હતો એમ બનાવના એક આંખે દેખ્યા સાક્ષીએ જણાવ્યું હતુ.

આ સાંજ ઉજવણી અને ભેગા થવાની ક્ષણ હોવી જોઈતી હતી, પરંતુ તે એક દુ:સ્વપ્નમાં ફેરવાઈ ગઈ એમ પ્રાદેશિક સરકારના વડા મેથિયાસ રેનાર્ડે જણાવ્યું. રેનાર્ડે જણાવ્યું હતું કે ઘાયલોની સંખ્યા એટલી બધી હતી કે પ્રાદેશિક હોસ્પિટલના આઈસીયુ અને ઓપરેશન થિયેટર ઝડપથી સંપૂર્ણ ભરાઇ ગયા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે પીડિતોની મદદ કરવા માટે હેલિકોપ્ટરો અને એમ્બ્યુલન્સો ઘટનાસ્થળે દોડી ગયા હતા. ભોગ બનેલાઓમાં કેટલાક વિવિધ દેશોના લોકોનો પણ સમાવેશ થાય છે. સ્વિસ રાષ્ટ્રપતિ ગાય પરમેલિને એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે સરકાર પીડિતો, ઘાયલો અને તેમના સંબંધીઓ પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરે છે જાય છે અને સંવેદના પાઠવે છે. ગુરુવારે પરમેલિનનો રાષ્ટ્રપતિ તરીકે કાર્યભારનો પહેલો દિવસ હતો, કારણ કે સ્વિટ્ઝર્લૅન્ડ સરકારના સાત સભ્યો એક વર્ષ માટે વારાફરતી રાષ્ટ્રપતિ પદ સંભાળે છે. મૃતકોના માનમાં તેમણે પોતાનું રાષ્ટ્રજોગ સંબોધન હાલ મોકૂફ રાખ્યું હતું.

સ્વિસ આલ્પ્સ પર્વતમાળાના હાર્દસમા વિસ્તારમાં લગભગ 3,000 મીટર (1.86 માઈલ) ઊંચાઈ પર આવેલુ સ્કી રન ક્રેન્સ-મોન્ટાના સ્વિટ્ઝર્લૅન્ડના સ્કી-ક્રેઝી વેલૈસ પ્રદેશના શિયાળુ રમતગમત કેન્દ્રોમાંનું એક છે, જ્યાં બરફીલા શિખરો અને પાઈન જંગલોમાં વસેલા ઝેરમેટ, વર્બિયર અને અન્ય રિસોર્ટ્સ પણ આવેલા છે, જે દુનિયાભરના શિયાળુ રમતગમતના ઉત્સાહીઓને આકર્ષે છે.

### એક વેઇટરના ઉન્માદી કૃત્યને કારણે આગ લાગી?

બનાવને નજરે જોનાર એક મહિલાએ કહ્યું હતું કે પીઠાનો એક વેઇટર હાથમાં સળગતું સ્પાર્કલર લઇને પોતાના એક સાથી વેઇટરના ખભા પર ચડી ગયો હતો અને નાચી રહ્યો હતો. આ દરમ્યાન તેના હાથમાંનું સ્પાર્કલર ઉપરની છતને અડી ગયું હતું અને જોત જોતામાં તો છતે આગ પકડી લીધી હતી. સત્તાવાળાઓ જો કે કહે છે કે આગ લાગવાનું ચોક્કસ કારણ તપાસ પછી જ જાણવા મળશે.

## દિલ્હી ડાયરી



### કેન્દ્રીય મંત્રી ચૌહાણ દરરોજ એક છોડ વાવે છે

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ છેલ્લાં ચાર વર્ષથી વધુ સમયથી દરરોજ એક છોડ વાવી રહ્યા છે. આ નિત્યક્રમને આગળ ધપાવ્યા પછી તેમણે હવે સામાન્ય લોકોને પણ આ કાર્યમાં જોડાવા માટે આમંત્રણ આપ્યું છે. એવું જાણવા મળ્યું છે કે લોકો તેમના પોર્ટલ (http:shivrajsinghchouhan.co.in) પર તેમની વિનંતીઓ મોકલી શકે છે. ચૌહાણ સામાન્ય રીતે દિલ્હીમાં તેમના સત્તાવાર નિવાસસ્થાન, ૧૨-સફદરજંગ રોડ- પાસે છોડ વાવે છે અને તેમના ઘરની સામેની ગલીમાં હવે ઘણા નવા વૃક્ષો દેખાઈ રહ્યા છે. તેમના સત્તાવાર નિવાસસ્થાનની આસપાસ કોઈ જગ્યા ન હોવાથી અને લોકોને રોપા વાવવા માટે આગળ આવવા માટે તેમનું ખુલ્લું આમંત્રણ હોવાથી તેમણે નવી જગ્યા શોધવી પડશે. તે દિલ્હી અથવા તેમના વતન રાજ્ય મધ્ય પ્રદેશમાં કોઈ પણ હોઈ શકે છે. એ પણ શક્ય છે કે તેઓ દેશના બાકીના ભાગના લોકો માટે અને ખાસ કરીને તેમના રાજ્ય, તેમના લોકસભા મતવિસ્તારના લોકો માટે અલગ-અલગ વ્યવસ્થા કરે.

### કેરળ કોંગ્રેસના નેતા જોસ કે મણિને સાંસદ પ્રકાશની ઓફર

તાજેતરમાં યોજાયેલી કેરળ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસની આગેવાની હેઠળના યુનાઇટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ)ના શાનદાર વિજયથી રાજ્યમાં રાજકીય પુનર્ગઠન અંગે અટકળો શરૂ થઈ ગઈ છે, આ દૃષ્ટિકોણથી સંસદ એક રસપ્રદ સ્થળ બની ગયું છે. યુડીએફ કન્વીનર અડૂર પ્રકાશ (કોંગ્રેસ લોકસભા સાંસદ) અને કેરળ કોંગ્રેસ (મણિ જૂથ)ના નેતા જોસ કે મણિ (રાજ્યસભા સભ્ય) વચ્ચેની આકસ્મિક મુલાકાતે પણ દિલ્હીના રાજકીય વર્તુળોમાં

...અનુસંધાન પાના 15 પર

# ગુવાહાટી અને કોલકાતા વચ્ચે દોડશે પહેલી વંદે ભારત સ્લીપર ટ્રેન

**વંદે** ભારત સ્લીપર ટ્રેનના ટિકિટ ભાડા હવાઈ મુસાફરીની તુલનામાં નોંધપાત્ર રીતે ઓછા હશે: રેલવે મંત્રી બેઉ રાજ્યોમાં આ વર્ષે ચૂંટણી

**16** કોચવાળી ટ્રેન 120-130 કિમીની ઝડપે દોડશે

નવી દિલ્હી, તા.૧ (પીટીઆઇ): રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે ગુરુવારે જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ મહિનાના અંતમાં ગુવાહાટી અને કોલકાતા વચ્ચે દોડનારી બહુપ્રતીક્ષિત વંદે ભારત સ્લીપર ટ્રેનને લીલી ઝંડી બતાવશે.

રેલવે મંત્રી વૈષ્ણવે કહ્યું, ‘ ’આ સેવાઓ આગામી ૧૫-૨૦ દિવસમાં, સંભવત: ૧૮ કે ૧૯ જાન્યુઆરીની આસપાસ શરૂ થઈ જશે. અમે વડા પ્રધાનને વિનંતી કરી છે અને બધું નક્કી થઈ ગયું

...અનુસંધાન પાના 15 પર



| શ્રેણી (Class) | અંદાજિત ભાડું (ભોજન સાથે) | પ્રતિ કિમી ભાડું | બેઠકોની સંખ્યા |
|---|---|---|---|
| ફર્સ્ટ એસી (1-AC) | રૂ. 3,600 | રૂ. 3.8 | 24 |
| સેકન્ડ એસી (2-AC) | રૂ. 3,000 | રૂ. 3.1 | 188 |
| થર્ડ એસી (3-AC) | રૂ. 2,300 | રૂ. 2.4 | 611 |

### ટ્રેનની અન્ય વિશેષતાઓ અને ભવિષ્યનું આયોજન

**અદ્યતન સુવિધાઓ:** ટ્રેનમાં વધુ સારી કુશનિંગ સાથે એર્ગોનોમિકલી ડિઝાઇન કરેલી બર્થ (બેઠકો), સરળ અવરજવર માટે વેસ્ટિબ્યુલ્સ સાથેના ઓટોમેટિક દરવાજા, શ્રેષ્ઠ સસ્પેન્શન દ્વારા આરામદાયક મુસાફરી અને અવાજમાં ઘટાડો (નોઈઝ રિડક્શન) જેવી સુવિધાઓ છે.
**સુરક્ષા:** સુરક્ષા માટે ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ ‘કવચ’ અને ઇમરજન્સી ટોક-બેક સિસ્ટમ લગાડવામાં આવી છે.
**સ્વચ્છતા:** ઉચ્ચ સ્તરની સ્વચ્છતા જાળવવા માટે ખાસ ‘ડિસઇન્ફેક્ટન્ટ ટેક્નોલોજી’નો ઉપયોગ કરવામાં આવ્યો છે. રેલવે મંત્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, “આ ટેક્નોલોજી 99.9 ટકા જર્મ્સનો (જીવાણુઓનો) નાશ કરશે. આ જ ટેક્નોલોજી હાલમાં વંદે ભારત ચેર-કાર વર્ઝનમાં પણ વપરાઈ રહી છે.”
**ઉત્પાદન લક્ષ્યાંક:** મંત્રીના જણાવ્યા અનુસાર, ટ્રેનોનું ઉત્પાદન ઝડપથી વધારવામાં આવી રહ્યું છે. આગામી છ

...અનુસંધાન પાના 15 પર

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુ પર હિંસક હુમલો

**ઢાકામાં** દવાના એક વેપારીને ટોળાએ ઘેરી લઇને છરીના ઘા માર્યા, શરીરે આગ ચાંપી

**જો કે** ખોકન ચંદ્ર નામનો આ વેપારી તળાવમાં કૂદી પડતા જીવ બચી ગયો, પણ હાલત ગંભીર

**બે** સપ્તાહમાં હિન્દુ પર હુમલાનો ચોથો બનાવ, ત્રણનાં તો અગાઉ મોત નિપજ્યા છે



ઢાકા, તા. ૧: બાંગ્લાદેશમાં એક હિન્દુ નાગરિક પર હુમલાનો વધુ એક બનાવ બન્યો છે. એક હિન્દુ વેપારીને ટોળા દ્વારા માર મારવામાં આવ્યો, છરીનો ઘા મારવામાં આવ્યો અને પછી આગ ચાંપવામાં આવી હતી. છેલ્લા બે અઠવાડિયામાં લઘુમતી સમુદાય પર આ ચોથો હુમલો થયો છે.

ખોકન ચંદ્ર તરીકે ઓળખાયેલો યુવક નજીકના તળાવમાં કૂદી પડ્યો હતો,તેનો જીવ બચી ગયો હતો પરંતુ તેને ગંભીર ઈજાઓ થઈ હતી. આ ક્રૂર હુમલો નવા વર્ષની પૂર્વ સંધ્યાએ થયો હતો જ્યારે ૪૦ વર્ષીય ખોકન કેયુરભંગા બજારમાં તેની ફાર્મસીની દુકાન બંધ કરીને ઘરે પરત ફરી રહ્યો હતો. જ્યારે તે રાત્રે ૯ વાગ્યે તિલોઈ વિસ્તારમાં પહોંચ્યો ત્યારે બદમાશોના એક જૂથે તેને ઘેરી લીધો અને તેના પર નિર્દયતાથી હુમલો કર્યો હતો. ત્યારબાદ બદમાશોએ તેના પર તીક્ષ્ણ હથિયારોથી અનેક વાર છરા માર્યા, તેના શરીર પર પેટ્રોલ રેડ્યું અને તેને આગ લગાવી દીધી. જોકે, ખોકન નજીકના તળાવમાં કૂદી પડવામાં સફળ રહ્યો અને બાદમાં સ્થાનિકો દ્વારા તેને બચાવી લેવામાં આવ્યો. તેને તાત્કાલિક શરિયતપુર સદર હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેની હાલત ગંભીર હોવાનું જણાવ્યું. જો કે, હુમલા પાછળનો હેતુ અને સંડોવાયેલા લોકોની ઓળખ હજુ સુધી પુષ્ટિ થઈ નથી.

ભારત વિરોધી યુવા નેતા શરીફ ઉસ્માન હાદીની હત્યા બાદ શ્રેણીબદ્ધ હુમલાઓ અને લિંચિંગ વચ્ચે ખોખન પરના હુમલાએ લઘુમતી હિન્દુ સમુદાયમાં તણાવ વધાર્યો છે. બાંગ્લાદેશમાં હાદીના મૃત્યુ અંગેના વિરોધ પ્રદર્શનોએ ભારત વિરોધી સૂર અપનાવ્યો છે, જેમાં નેતાના હત્યારાઓ ભારત ભાગી ગયા હોવાના આરોપો

...અનુસંધાન પાના 15 પર

# કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં રૂ. ૧૧૧નો વધારો

**વિમાનના** ઈંધણના ભાવમાં ૭ ટકાનો મોટો ઘટાડો

**એટીએફના** ભાવ ઘટાડાથી એરલાઇનો પરનું ખર્ચનું દબાણ ઘટવાની આશા

**હોટલો**, રેસ્તોરાંઓમાં વપરાતો ગેસ મોંઘો બનતા વાનગીઓના ભાવ વધી શકે



નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ): ગુરુવારે એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ) અથવા જેટ ફ્યુઅલના ભાવમાં 7.3 ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે, જ્યારે કોમર્શિયલ એલપીજીના ભાવમાં પ્રતિ સિલિન્ડર 111 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. કારણ કે, સરકારી તેલ માર્કેટિંગ કંપનીઓએ વૈશ્વિક ઈંધણ માપદંડો અનુસાર તેમના માસિક ભાવ સુધારા અમલમાં મૂક્યા છે.

સરકારી માલિકીની ઈંધણ રિટેલર્સના જણાવ્યા અનુસાર, દિલ્હીમાં એટીએફના ભાવમાં પ્રતિ કિલોલિટર 7,353.75 રૂપિયા અથવા 7.3 ટકાનો ઘટાડો કરીને 92,323.02 રૂપિયા પ્રતિ કિલોલિટર કરવામાં આવ્યો હતો. આ ઘટાડો ત્રણ વાર માસિક ભાવમાં વધારો કર્યા બાદ કરવામાં આવ્યો છે. છેલ્લી વાર ૧ ડિસેમ્બરે ભાવમાં ૫,૧૩૩.૭૫ રૂપિયા પ્રતિ કિલોલીટર અથવા ૫.૪ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. તે પહેલાં ૧ નવેમ્બરે ભાવમાં લગભગ ૧ ટકા અને ૧ ઓક્ટોબરે ૩.૩ ટકાનો વધારો થયો હતો. ગુરુવારે જાહેર કરાયેલ આ ઘટાડાથી ૧ ઓક્ટોબરથી થયેલા ભાવ વધારાનો બે તૃતીયાંશ ભાગ સરભર થઈ ગયો છે. આ તાજેતરના ઘટાડાથી એરલાઈન્સ પર દબાણ ઓછું થવાની અપેક્ષા છે, જેના માટે ઈંધણનો ખર્ચ કુલ સંચાલન ખર્ચનો લગભગ ૪૦ ટકા હિસ્સો હોય છે. ભાવમાં ફેરફારની અસર અંગે એરલાઈનો તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી મળી શકી નથી.

મુંબઈમાં એટીએફના ભાવમાં સુધારો કરીને રૂ. ૮૬,૩૫૨.૧૯ પ્રતિ કિલોલીટર કરવામાં આવ્યો હતો, જ્યારે ચેન્નાઈ અને કોલકાતામાં ભાવ ઘટાડીને ક્રમશ: રૂ. ૯૫,૭૭૦ અને રૂ. ૯૫,૩૭૮.૦૨ પ્રતિ કિલોલીટર કરવામાં આવ્યા હતા.

સ્થાનિક કરને કારણે શહેરોમાં ઈંધણના ભાવ અલગ-અલગ હોય છે. આ ઉપરાંત, દિલ્હીમાં હોટલ અને રેસ્ટોરન્ટમાં ઉપયોગમાં લેવાતા ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૧૧૧ રૂપિયાનો વધારો કરીને ૧,૬૯૧.૫૦ રૂપિયા કરવામાં આવ્યા છે.

## તમાકુ પર એક્સાઇઝ ડ્યુટી, પાન મસાલા પર હેલ્થ સેસ

# તમાકુ-પાન મસાલા પર નવો ટેક્સ ૧ ફેબ્રુઆરીથી અમલમાં

**વધારાની** એક્સાઇઝ ડ્યુટીમાંથી થયેલી આવકને નાણા પંચની ભલામણ મુજબ રાજ્યો વચ્ચે વહેંચવામાં આવશે

નવી દિલ્હી, તા. ૧(પીટીઆઇ): તમાકુ ઉત્પાદનો પર વધારાની એક્સાઇઝ ડ્યુટી અને પાન મસાલા પર હેલ્થ સેસ લાદવાની તારીખ સરકારે ૧ ફેબ્રુઆરી જાહેર કરી છે, જે આવા ‘હાનિકારક માલ’ પર હાલના GST કમ્પેન્સેસન સેસનું સ્થાન લેશે.

૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ નાણા મંત્રાલય દ્વારા જારી કરાયેલ સૂચના મુજબ પાન મસાલા અને તમાકુ ઉત્પાદનો પર અનુક્રમે આરોગ્ય અને રાષ્ટ્રીય સુરક્ષા સેસ અને એક્સાઇઝ ડ્યુટી ૪૦ ટકા ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) ઉપરાંત હશે, જ્યારે ‘બિડી’ના કિસ્સામાં તે ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી અમલમાં આવતા ૧૮ ટકા GSTના ઉપરાંત હશે. તમાકુ ઉત્પાદનો (ચાવવાની તમાકુ, ફિલ્ટર ખૈની, જર્દાની સુગંધિત તમાકુ, ગુટખા) માટે એક નવી MRP-આધારિત મૂલ્યાંકન પદ્ધતિ રજૂ કરવામાં આવી છે જેમાં પેકેજ પર જાહેર

...અનુસંધાન પાના 15 પર

### તમાકુ, ગુટખા વગેરેના ઉત્પાદકોએ કારખાનામાં ફરજિયાત સીસીટીવી લગાડવા પડશે

**ફૂટેજ** બે વર્ષ સુધી સાચવવા પડશે, મશીનોની સંખ્યા અને ક્ષમતાની વિગતો પણ આપવી પડશે

નવી દિલ્હી, ૧(પીટીઆઇ) સરકારી સૂચના મુજબ, ચાવવાની તમાકુ, ગુટખા અને તેના જેવા ઉત્પાદનોના ઉત્પાદકોએ ૧ ફેબ્રુઆરીથી એક ફંક્શનલ સીસીટીવી સિસ્ટમ ઇન્સ્ટોલ કરવી પડશે, જેમાં તમામ પેકિંગ મશીનોને આવરી લેવામાં આવશે અને ફૂટેજ ઓછામાં ઓછા ૨૪ મહિના સુધી સાચવવા પડશે. આવા ઉત્પાદકોએ મશીનોની સંખ્યા અને તેમની ક્ષમતા પણ એક્સાઇઝ અધિકારીઓને જાહેર કરવી પડશે, અને નાણા મંત્રાલય દ્વારા સૂચિત ચ્યુઇંગ તમાકુ, જર્દા સેન્ટેડ ટોબેકો અને ગુટખા પેકિંગ મશીનો (ક્ષમતા નિર્ધારણ અને ડ્યુટી વસૂલાત) નિયમો અનુસાર, જો મશીન ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી કાર્યરત ન હોય તો એક્સાઇઝ ડ્યુટીમાં ઘટાડો પણ દાવો કરી શકે છે. આ નિયમો એવા ઉત્પાદકોને લાગુ પડશે જેઓ આવા માલને પાઉચમાં પેક કરે છે.

તા. ૦૧-૦૧-૨૦૨૬નું વડોદરા શહેરનું

## હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૨૮.૪° સે. | ૧૯.૪° સે. | ૫૯% |